**ચાલુ બાબત ૨૦૨૧-૨૨**

મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની સંકલિત બાળ વિકાસ સેવા યોજના ની રૂ.૧૦૦ કરોડથી ઓછી રકમની ચાલુ બાબતોને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક:આઇસીડી/૧૧૨૦૨૧/૧૩૫૧૦૫/બ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૬-૦૪-૨૦૨૧

**ઠરાવ :-**

મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની સંકલિત બાળ વિકાસ સેવા યોજના (આઇ.સી.ડી.એસ.) ની યોજનાકીય બાબતો અંગે વર્ષ ૨૦૨૧-૨૨ ના અંદાજપત્રમાં માંગણી ક્રમાંક- ૯૫, ૯૬ અને ૧૦૬ હેઠળ વિભાગ-૨, ચાલુ બાબત, મહેસૂલ/મૂડી સદરે, ભારત સરકાર અને રાજ્ય સરકારના ફાળા પેટે રૂ.૧૦૦ કરોડથી ઓછી રકમની આ સાથે બિડેલ પરિશિષ્ટ-૧ મુજબની કુલ-(૧૪) ચાલુ બાબતો માટે કુલ રૂ.૨૨૦૪૧.૪૨ લાખ ની કરવામાં આવેલ બજેટ જોગવાઇમાંથી ખર્ચ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ સામેલ પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ જે તે અંદાજપત્રીય સદરની બજેટ જોગવાઇની મર્યાદામાં નીચે દર્શાવેલ શરતોને આધીન કરવાનો રહેશે.

**શરતો:**

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઇઓનુ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઇ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું તથા તે અંગેની વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો, તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૧) આ યોજનાનો ખર્ચ તા. ૧-૪-૨૦૨૧ થી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં સલાહકારશ્રીની તા.૧૭-૩-૨૦૨૧ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ચૈતન્ય ટી. નિમાવત)

નાયબ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

બિડાણ :- પરિશિષ્ટ-૧

પ્રતિ,

(૧) માન. મુખ્ય મંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૨) માન. મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૩) માન. રા.ક.મંત્રીશ્રી(મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૪) માન. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૫) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) સચિવશ્રી (આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૮) સચિવશ્રી(આયોજન)ના નાયબ સચિવ,સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
(૯) સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૧૦) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૧૧) નિયામકશ્રી(આઇસીડીએસ) , કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,
૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૧૨) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. ....................
(૧૩) સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, જિ. .......................
(૧૪) વિભાગીય નાયબ નિયામકશ્રી (આઇસીડીએસ) અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ
(૧૫) સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી (આઇસીડીએસ), જિલ્લા પંચાયત કચેરી, જિ. ....................
(૧૬) સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી (આઇસીડીએસ), મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ.કો. ...................
(૧૭) નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૧૮) એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
(૧૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
(૨૦) સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, - વેબસાઇટ ઉપર મુકવા સારૂ.
(૨૧) સિલેક્ટ ફાઇલ

પરિશિષ્ટ-૧

મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૦૬-૦૩-૨૦૨૧ ના ઠરાવ ક્ર:આઇસીડી/૧૧૨૦૨૧/૧૩૫૧૦૫/બ સાથેનું બિડાણ.

## વર્ષ ૨૦૨૧-૨૨ ના અંદાજપત્રમાં સમાવિષ્ઠ રૂ.૧૦૦ કરોડથી ઓછી રકમની ચાલુ બાબતો

(Rs. in Lakhs)

| Sr. No | Major Head | Continue Item 2021-22 | | Total |
|---|---|---|---|---|
| | | State | CSS | |
| | **95-2235** | | | |
| 1 | 95-2235-02-800-01: NTR-3 Special Nutrition Programme | 2633.12 | 2633.12 | 5266.24 |
| 2 | 95-2235-02-800-02: NTR-13 Scheme for Adolescent Girls (SAG) | 52.30 | 56.24 | 108.54 |
| | **96-2236** | | | |
| 3 | 96-2236-02-796-05: MDM-2 Special Provision for Nutrition under Area sub plan | 1645.60 | 0.00 | 1645.60 |
| 4 | 96-2236-02-796-09: NTR-13 Scheme for Adolescent Girls (SAG) | 359.98 | 379.50 | 739.48 |
| | **106-2235** | | | |
| 5 | 106-2235-02-102-02 National Creche Scheme | 40.49 | 80.98 | 121.47 |
| | **106-2236** | | | |
| 6 | 106-2236-02-800-03 Integrated Child Development Scheme Training Programme (UDISHA PROJECT) (WB Assisted) | 0.04 | 0.06 | 0.10 |
| 7 | 106-2236-02-800-12 NTR-11 Mata Yashoda Award Plan | 196.51 | 0.00 | 196.51 |
| 8 | 106-2236-02-800-13:NTR-12 Strengthening of ICDS Services | 2011.88 | 0.00 | 2011.88 |
| 9 | 106-2236-02-800-14:NTR-13 Scheme for Adolescent Girls(SAG) | 694.69 | 766.31 | 1461.00 |
| 10 | 106-2236-02-800-16:NTR-19 Poshan Survey and Servelance System | 50.00 | 0.00 | 50.00 |
| 11 | 106-2236-02-800-18:NTR-21 Biometric Infrastructure | 1000.00 | 0.00 | 1000.00 |
| 12 | 106-2236-02-800-19 Mission Balam Sukham – ICDS Mission | 7185.00 | 0.00 | 7185.00 |
| | **106-4236** | | | |
| 13 | 106-4236-02-800-03:NTR-9 Repairing of Anganwadies | 754.24 | 1131.36 | 1885.60 |
| 14 | 106-4236-02-800-04:NTR-22 Construction-Repairing & Upgradation of Block Office | 370.00 | 0.00 | 370.00 |
| | Total | 16993.85 | 5047.57 | 22041.42 |

(ચૈતન્ય ટી. નિમાવત)

નાયબ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ